સવાલ એ નથી કે શું મેળવ્યું ? સવાલ એ હોય છે મેં આ બધું મેળવતાં શું શું ગુમાવ્યું ?
- મુનિ ભાનુચંદ્ર વિજયજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૪૮ | ૧૯ નવેમ્બર, ૨૦૧૩, મંગળવાર; કારતક વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લા-તાલુકા પંચાયતોની ૧૫મી ડિસેમ્બરે પેટાચૂંટણી

ગાંધીનગર, તા.૧૮

અમરેલી જિલ્લાની ધારી તાલુકા પંચાયતના ૧ થી ૧૭ મતદાર મંડળોની મધ્યસત્ર ચૂંટણી તથા સાબરકાંઠા જિલ્લા પંચાયતની ૩૪-મેઢાસણ ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી તેમજ ૧૦ જિલ્લાની ૧૨ તાલુકા પંચાયતોની ખાલી પડેલ ૧૬ બેઠકોની પેટા ચૂંટણી તા. ૧૫મી ડિસેમ્બરના રોજ યોજવા રાજ્ય ચૂંટણી આયોગ આજે કરી છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થવાની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે.

ચૂંટણી કાયક્રમને લઈને હાલમાં રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા ચાલી રહી હતી. રાજ્યમાં ધારી તાલુકા પંચાયતની મધ્યસત્ર ચૂંટણી તથા તાલુકા પંચાયતોની ખાલી બેઠકોની પેટા ચૂંટણીની તારીખ અંગે આજે વિધિવતરીતે જાહેરાત કરી હતી. આ મધ્યસત્ર તથા પેટા ચૂંટણીની જાહેરાતની સાથે આજથી જ ચૂંટણી હેઠળના મતદાર મંડળોના વિસ્તારમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલમાં આવે છે. ધારી તાલુકા પંચાયત ૧ થી ૧૭ મતદાર મંડળમાં ૪૭૪૮૮-પુરૂષ તથા ૪૨૩૮૧ મહિલા મતદારો સહિત કુલ ૮૯૮૭૦ મતદારો છે અને મતદાન મથકોની સંખ્યા ૧૨૪ છે. જ્યારે સાબરકાંઠા જિલ્લા પંચાયતની એક બેઠકની તથા ૧૦ જિલ્લાની ૧૨ તાલુકા પંચાયતોની ૧૬ બેઠકો માટેની પેટા ચૂંટણીમાં ૫૪૧૩૭ પુરૂષ અને ૫૦૬૨૯ મહિલાઓ સહિત કુલ ૧૦૪૭૬૬ મતદારો મતદાનમાં ભાગ લેશે. આ મધ્યસત્ર અને પેટા ચૂંટણીમાં વિજાણું મતદાન યંત્રના ઉપયોગથી મતદાન કરવામાં આવશે જેમાં ૫૧૮ પોલીસ કર્મચારીઓ તતા ૧૨૯૫ પોલીસ સ્ટાફ ચૂંટણી પ્રક્રિયામાં ફરજ બજાવશે.



શિયાળાની ઠંડક જામી રહી છે એટલે ફૂલોને ખીલવાની સિઝનનો પ્રારંભ થયો છે. ગાંધીનગર શહેરને એક તબક્કે ફૂલોની નગરી તરીકે વિકસાવવાની કલ્પનાને પણ સરકારે મંજૂરીની મહોર મારી હતી પરંતુ આખી વાત ફાઈલોમાં પુનઃ અટવાઈ કે તંત્રની ઉદાસીનતામાં તેનો જવાબ ફૂલપ્રેમીઓ શોધી રહ્યા છે. ત્યારે ઈન્દ્રોડા પાર્કમાં ખીલેલા કમળની તસ્વીર તસ્વીરકાર લવ મેવાડાએ ઝડપી અને મોકલી છે. આ ફૂલ જોઈને પેલી પંક્તિઓ યાદ આવે કે ‘‘ઊંચકી સુગંધનો ભાર ઉભુ એક ગુલાબ.... વાયરો કહે તેમ ઉડવાનું આમ તેમ... વાયરાનું ઠેકાણુ શું ?’’

# માણસા તાલુકા પંચાયતની બે બેઠકોની પેટાચૂંટણી

## ચરાડા અને બદપુરાની પેટા ચૂંટણી રાજય ચૂંટણી પંચે આજે આ પેટા-ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કર્યો

ગાંધીનગર, તા.૧૮

રાજય ચૂંટણી પંચે આજે માણસા તાલુકા પંચાયતની ખાલી પડેલી બે બેઠકોની પેટા ચૂંટણી આગામી ૧૫મી ડિસેમ્બરના રોજ યોજવાની જાહેરાત કરી છે. રાજય ચૂંટણી પંચે આજે આ બે બેઠકોની પેટા ચૂંટણી અંગેના કાર્યક્રમની જાહેરાત કરતાં જણાવ્યું છે કે ૨૫મી નવેમ્બરે આ પેટા ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિધ્ધ થશે. આ સાથે જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ ૩૦ નવેમ્બર મુકરર કરવામાં આવેલ છે. ૨ જી ડિસેમ્બરના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે જયારે ૩જી ડિસેમ્બરના રોજ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ રહેશે. મતદાન ૧૫ ડિસેમ્બરને રવિવારના રોજ યોજાશે જયારે ૧૭ ડિસેમ્બરના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાની માણસા તાલુકા પંચાયતની બે બેઠકોની પેટા ચૂંટણી જાહેર થતાં પંચાયતના રાજકારણમાં ગરમાવો આવવા પામ્યો છે. ભાજપ શાસિત તાલુકા પંચાયતની જે બે બેઠકો ખાલી પડી છે તેમાં ચરાડા-૧ અને બદપુરાની બેઠકનો સમાવેશ થાયછે.

ચરાડા-૧ની બેઠક સામાન્ય સ્ત્રી માટે અનામત છે. આ બેઠક પરના વિજેતા ઉમેદવાર બે કરતાં વધુ સંતાન ધરાવતા હોવાથી તેમનું સભ્યપદ રદ કરવામાં આવ્યું છે. આ પેટા ચૂંટણી અગાઉ જાહેર થઈ હતી પરંતુ મનાઈ હુકમ આવતાં છેલ્લી ઘડીએ તે રદ કરવામાં આવી હતી.

બદપુરાની બેઠક પરના વિજેતા કોંગ્રેસી ઉમેદવારનું અવસાન થતાં આ બેઠક ખાલી પડી છે. આ બંને બેઠકોમાં એક ભાજપની અને એક કોંગ્રેસની બેઠક છે. ૨૧ સભ્યો ધરાવતી તાલુકા પંચાયતમાં હાલ ભાજપના ૧૦, કોંગ્રેસના ૮ અને એક અપક્ષ સભ્ય છે. આ બે બેઠકો જીતવા માટે બંને પક્ષોએ તેમની વ્યુહરચના તૈયાર કરવાની કાર્યવાહી આજથી હાથ ધરી છે. આ સપ્તાહના અંત સુધીમાં ઉમેદવારની પસંદગી થઈ જશે તેમ પક્ષના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે. પેટાચૂંટણી ઈવીએમની મદદથી યોજવામાં આવશે. તંત્રએ પણ તૈયારીઓ શરુ કરી દીધી છે. આજે આ બેઠકોની પેટા ચૂંટણી જાહેર થતાં ચૂંટણીની આચાર સંહિતાનો અમલ પણ શરુ થઈ ગયો છે.


WORLD BIG Cinemas




R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Ram Leela (U/A) - 9.00 am, 12.15, 3.30, 6.45 & 10.00 pm
Krrish 3 (U) - 9.15 am, 12.30, 3.45, 7.00 & 10.15 pm *schedule subject to change
telebooking 09601553030
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia


## શ્રદ્ધાંજલી



સ્વ. સુ.શ્રી કુમારી વિનયબેન અંજારિયા
નિવૃત્ત : પ્રિન્સીપલ, સરકારી હા.સે. શાળા-ગાંધીનગર
૨૯-૦૧-૧૯૪૩ થી ૧૯-૧૦-૨૦૧૩

મારા પૂજ્ય મોટાબેન એવા જાઝરમાન વ્યક્તિત્વ ધરાવતા અને સિંહ જેવી ખુમારી છતાં અત્યંત કોમળ હૃદય, પ્રેમાળ, લાગણીશીલ. હંમેશા બીજાને આપવાની ભાવના, વિદ્યાર્થીઓમાં ખુબ જ લોકપ્રિય, નિષ્ઠા-પ્રામાણિકતા, સંસ્કાર, જ્ઞાનનું સિંચન સતત અમારામાં કરતા રહી એકાએક ૪૦ વર્ષના સહવાસ બાદ ચાલ્યા ગયા !! મહિનો થયો છતાં મન માનતુ નથી, આંસુ સુકાતા નથી... જન્મોજન્મ તમો માતા-બહેનના સ્વરૂપમાં મળતા રહો તેવી જીવનની એકમાત્ર ઈચ્છા... ઈશ્વર આપશ્રીના આત્માને શાંતી અર્પે તેવી પ્રાર્થના...

છેલ્લા પંદર વર્ષથી આપની સેવામાં રહેલા હોમ-વર્કર માલતીબેન ખાલપડે, ડ્રાઈવર ગનિભાઈ, મોહસીન, સાકિર, કાળીબેન રબારી અને સગાઓ જેવા જ પડોશી એવા કૈલાસબેન જોષી (મામી), નલિનીબેન ઠાકર, વર્ષાબેન એન. ઠક્કર, મહિમા ત્રિવેદી, સ્નેહ ત્રિવેદી (કાનો), વસંતબેન પટેલ (શિક્ષક), ભાલચંદ્રભાઈ શુક્લ (શિક્ષક-ભાઈ), નીતાબેન ધોકાઈ, મનિષભાઈ ભાવસાર, બચુભાઈ, વિનોદભાઈ, જીતુભાઈ પટેલ (એડવોકેટ) સહિત તમામ પાડોશીઓ, નાગર જ્ઞાતિના અગ્રણીઓ, સૌ પત્રકાર મિત્રો અને અંગત સ્નેહીઓ મધુભાઈ શેઠ, જ્યોતિન્દ્ર વ્યાસ, રાજેશભાઈ પરીખ (કિશ્ના કોર્પો.), કિરણભાઈ ચુડગર અને **ડૉ. મૌલિક પટવા, ડૉ. રમેશ ગોયેલ, ડૉ. મહેશભાઈ ચુડગર (માનસિક), ડૉ. વિપુલભાઈ ઠક્કર, ડૉ. હેમાંગ બક્ષી, ડૉ. ભાવેશ પારેખ,** પો.ઈ. મીનાક્ષીબેન પટેલ સહિત જાણતા-અજાણતા ઉપયોગી થયેલા સર્વેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. નાની બેન નીતાબેન પૂજારા, દીપાલી પૂજારાની સેવા હંમેશા યાદ રહેશે.

નિવાસ સ્થાન :- પ્લોટ નં. ૪૭૦/૧, સેક્ટર-૩ સી, ‘‘સ્વરવલ્લરી’’, ગાંધીનગર, ગુજરાત.
ફોન : ૦૭૯-૨૩૨-૨૬૬૧૪, ૯૪૨૭૩૦૬૫૦૮
૦૭૯-૨૩૨-૨૫૩૨૧, ૯૪૨૬૬૦૮૦૦૫

કિશોર અંજારીયા (નાનો ભાઈ ) અને સર્વે કુટુંબીજનો
નિવૃત્ત જોઈન્ટ ડાયરેક્ટર - ગુજરાત પાણી પુરવઠા બોર્ડ
અને હાલ સિનિયર પત્રકાર - કોલમીસ્ટ


JOB OPENING
In US Based International Call-center
(Male / Female)
Having verbal English communication skill and able to work at night shift.
(Attractive Incentive, Food, Perks.)
Solution BPO Services
10/11, FF, White House, Panchwati Circle, C.G. Road, Ahmedabad
204-A, IT Tower -1, Infocity, Gandhinagar
Call - 9712774898

વેચવાની છે
ડબલ શટરવાળી
મોકાની દુકાન
વેચવાની છે.
દુકાન નં. ૨૦૧, પહેલા માળે, મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષ, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર
: સંપર્ક :
૯૮૨૫૯૦૪૦૮૨

વુલન મેલા
હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટસના કારીગરો દ્વારા
પ્રદર્શન અને વેચાણ
તા. ૧૬ થી ૨૫ નવેમ્બર ૨૦૧૩
કચ્છ, જામનગર, કાશ્મિર અને રાજસ્થાનની
શોલ, સ્ટોલ, બ્લેન્કેટ, રજાઈ...
દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો
અમદાવાદ હાટ
સમય : ૧૧:૦૦ થી ૮:૦૦ | પ્રવેશ અને પાર્કિંગ ફ્રી

ગુજરાતની સુપ્રસિદ્ધ પારેખ્સ હોસ્પિટલ દ્વારા આયોજીત
નિદાન કેમ્પ
• શું તમારા ઘુંટણ અને થાપામાં દુઃખાવો થાય છે ?
• ચાલવા, હરવા-ફરવામાં તકલીફ પડે છે ?
પારેખ્સ હોસ્પિટલના નિષ્ણાંત ડૉક્ટર દ્વારા વિકસાવેલી અત્યાધુનિક ટેકનીકનું લાભ લો.
C-TECH જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ક્રાંતિકારી બદલાવ
તા.૨૩-૧૧-૨૦૧૩ સમય : સવારે ૧૦ થી ૨ કલાકે
સ્થળ : એક્સ-રે હાઉસ, ગંગોત્રી હોટલ પાસે, માર્કેટ યાર્ડ ઝાંપા પાસે, કડી
✓ કસરતની જરૂર નથી
✓ પહેલાજ દિવસથી ચાલવાનું*
✓ સાંધાનું સચોટ અને લાંબુ આયુષ્ય
રજીસ્ટ્રેશન માટે : 07567318260, 09979528112
રજીસ્ટ્રેશન ફી રૂા.50/-
અતિશય ઘસારાનો એકમાત્ર ઈલાજ જોઈન્ટ રીપ્લેસમેન્ટ છે.
પારેખ્સ હોસ્પિટલ શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
Approved for ESIC, ISRO, BSNL, CGHS | CASHLESS FACILITY AVAILABLE


## ધી ગુજરાત સચિવાલય સેક્શન ઓફિસર્સ એસોસિએશન

જાહેર આભાર

ગુજરાત રાજ્યના વહીવટી તંત્રમાં અગત્યનું સ્થાન ધરાવતાં ‘ધી ગુજરાત સચિવાલય સેક્શન ઓફિસર્સ એસોસિએશનની ચૂંટણીમાં પ્રચંડ બહુમતીથી વિજયી બનાવવા બદલ સચિવાલયના સેક્શન ઓફિસર સંવર્ગના તમામ સભ્યો તથા શુભેચ્છકો અને સહયોગીઓનો હૃદયપૂર્વક ઋણ સ્વીકારી હાર્દિક આભાર વ્યક્ત કરી નવા વર્ષની શુભકામનાઓ પાઠવીએ છીએ...



પ્રદિપસિંહ પી. બિહોલા – પ્રમુખ
નરેન્દ્ર કે. બ્રહ્મભટ્ટ – મહામંત્રી
ચૈતન્ય ટી. નિમાવત – ઉપપ્રમુખ
હસમુખભાઇ એ. પટેલ – ઉપપ્રમુખ



વરસંગ ડી. રથવી – સંગઠન મંત્રી
સુધીર એસ. રાવલ – સંગઠન મંત્રી
ઉમેશકુમાર પી. વસાવા – સહમંત્રી
આસવ પી. ગઢવી – સહમંત્રી



કશ્યપ પી. પાઠક – ખજાનચી
જબરેશ્વર એમ. દવે – ઓડિટર
કુ. દિપલ આર. હડીયલ – મહિલા પ્રતિનિધી


મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

જોઇએ છે
ધોરણ-૫ થી ૮માં ગણિત ભણાવી શકે તેવા શિક્ષક
B.Com / B.Sc., B.Ed અથવા P.T.C.
(સાયન્સ) અરજી સાથે રૂબરૂ મળવું. ૯ થી ૧૧
શાંતિ નિકેતન પ્રાથમિક શાળા
બ્લોક નં. ૪/૧, છ-ટાઈપ ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-૨૯, ગાંધીનગર.

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧


ALL INDIA INSTITUTE OF MEDICAL SCIENCES
ANSARI NAGAR, NEW DELHI - 110 608

**Recruitment to the posts of Senior Residents / Senior Demonstrators for the session January 2014 at the AIIMS, New Delhi**

The online applications are invited from Indian Citizens as per Govt. of India's Residency Scheme, for the posts of Senior Residents/Senior Demonstrators as per details given in the guidelines on ad-hoc basis for the tenure period of 3 years. These posts include existing vacant posts as on 05.11.2013, backlog vacancies of SC, ST/OBC and those posts which will fall vacant between **01.01.2014 to 30.06.2014.**

MODE OF EXAMINATION : **CBT online.**

The application forms will be made available on AIIMS website www.aiimsexams.org w.e.f. 20.11.2013 and must be read carefully the eligibility criteria and availability of seats & other details by the applicants before applying. **The last date for applying to the posts of Senior Residents/Senior Demonstrators through online mode is 19.12.2013 by 1700 hrs).** The Application fee is Rs. 1000/- (Rs.800/- in case of SC/ST candidates). Those applying on the last date of closing and are unable to deposit the fee on that day must deposit fee in the designated Bank latest by following working day, failing which their candidature will not be considered.

The candidate can pay the application fee through a Debit/Credit Card/Challan Form (to be downloaded from internet.) in any branch of State Bank of India Transaction / Processing Fee as applicable will be payable to the Bank by the candidates.

IMPORTANT DATES

| | | |
|---|---|---|
| 1. | Online Registration of Application on www.aiimsexams.org | 20.11.2013 to 19.12.2013 (up to 5:00 PM) |
| 2. | Date of Written Test | 05.01.2014 in Delhi /NCR only |
| 3. | Tentative date of declaration of result of written test | 09.01.2014 |

ASSISTANT CONTROLLER OF EXAMINATION

This Admission Notice is also available on Internet at www. aiims.edu